એરપોર્ટ ઉપર નીતિન પટેલે વેક્સિનનું સ્વાગત કર્યું

વેક્સિનના બોક્સ ઉપર સંસ્કૃતમાં 'સર્વે સંતુ નિરામયા લખાયેલું છે : કંકુ ચોખાથી પૂજા કર્યા બાદ વેક્સીનને અમદાવાદ એરપોર્ટ પરથી રવાના કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

જિંદગીને સામાન્ય કરવાનો પડકાર... અર્થવ્યવસ્થાને પાટા પર લાવવાનો પડકાર... પડકાર એ વાતનો છે કે લોકો ફરી એકવાર

જીવી શકે, ઉજવણી કરી શકે. પડકાર એ પણ કે ફરી એકવાર સ્કૂલ ખૂલી શકે. લોકો પોતાના કામતાજ વર્ષ પહેલા જે રીતે કરતા હતા તે જ પ્રમાણે કરી શકે. જે પરિસ્થિતિ કોરોના કાળ પહેલા હતી. ફેક્ટરીઓમાં ઉત્પાદન પણ યોગ્ય રીતે શરૂ થઈ શકે. આ પરિસ્થિતિ માત્ર ત્યારે જ ન થઈ શકે જ્યારે વેક્સીન આવી જાય. શરૂઆત ત્યારે થશે જ્યારે વેક્સીનનો રોલ આઉટ યોગ્ય રીતે થશે. ત્યારે આ આતુરતાનો અંત આવ્યો છે. પૂણેની સિરમ ઈન્સ્ટિટ્યૂટમાંથી નીકળેલી વેક્સીન આખરે અમદાવાદ પહોંચી ગઈ છે. ગુજરાતના ફાળવવામાં આવેલો જથ્થો પ્લેન મારફતે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચ્યો છે. જ્યાં ખુદ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ વેક્સીનને વેલકમ કરવા પહોંચ્યા હતા. કંકુ ચોખાથી પૂજા કર્યા બાદ વેક્સીનને અમદાવાદ એરપોર્ટ પરથી રવાના કરાઈ હતી. તો સાથે જ સાકરનો પ્રસાદ પણ ધરાવાયો હતો. તો ગૃહરાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજા પણ પૂજામાં ઉપસ્થિત રહ્યા હતા. હવે બધુ શુભ શુભ થઈ જાય, લોકોને આ સંકટમાંથી મુક્તિ મળે તેવી પ્રાર્થના કરીને વેક્સીન (ઈહિટ્ટ દૃટ્ટષ્ઠષ્ઠૈહી) ને સ્ટોરેજ સેન્ટર તરફ રવાના કરાઈ હતી. વેક્સીનના આગમનને પગલે અમદાવાદ એરપોર્ટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

પુષ્પક વિમાનની જેમ આ વિમામની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી. આખરે તેનું લેન્ડિંગ થયું છે. વેક્સીનના બોક્સ પર સંસ્કૃતમાં મેસેજ લખાયેલો છે. સિરમ ઈન્સ્ટિટ્યૂટમાંથી આવેલી કોરોના વેક્સીનના બોક્સ પર 'સર્વે સંતુ નિરામયાલ્લ લખાયેલું છે. એર ઈન્ડિયાની ફ્લાઈટમાં તમામ રસીનો જથ્થો લાવવામાં આવ્યો છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે લીલીઝંડી આપીને કોરોના વેક્સીનને રવાના કરી છે.

રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૬૦૨ કેસ નોંધાયા

ગાંધીનગર,તા.૧૨

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે. આજે રાજ્યમાં નવા ૬૦૨ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૭૫૫ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૪૧,૩૭૨ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૫.૩૪ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો જે હવે બંધ કરી દેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર ટેસ્ટિંગ ઘટાડીને કેસ ઘટાડવામાં આવી રહ્યા હોવાનાં આરોપો લાગતા રહ્યા છે. તેવામાં ટેસ્ટિંગની સંખ્યા દેખાડવાનું બંધ કરી દેવાતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૪,૭૩,૮૩૨ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૪,૮૨,૭૨૧ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૧૧ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૭,૪૩૯ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૫૮ છે. જ્યારે ૭,૩૮૧ લોકો સ્ટેબલ છે. ૨,૪૧,૩૭૨ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૩૫૦ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૩ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૦૧, બોટાદ ૦૧ અને વડોદરા ૦૧ દર્દી સહિત કુલ ૦૩ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

કોરોના કાળમાં શિક્ષણનું સાતત્ય જાળવવા ગુજરાતમાં શ્રેષ્ઠ કામગીરી થઈ છે : ભૂપેન્દ્રસિંહ

શિક્ષણ વિભાગના પ્રશ્નોની પરામર્શ સમિતિની બેઠક મળી

ગાંધીનગર, તા. ૧૨

કોઈ પણ બાળક શિક્ષણથી વંચિત રહી ન જાય અને ડ્રોપ આઉટ રેટ ઘટે તે માટે રાજય સરકાર કટિબધ્ધ છે. વર્ગ મર્જરથી શાળા બંધ થવાની બાબતની ગેરસમજ દૂર કરતાં તેમણે ગુણવત્તા યુક્ત શિક્ષણ પર ભાર મૂકી શિક્ષણ નીતિ મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા અને શિક્ષકોનું મહેકમ અંગેની સ્પષ્ટતા આજે મળેલી પરામર્શ સમિતિ નંબર- ૪ની બેઠકમાં રાજયના શિક્ષણ મંત્રી ભૂપેનદ્રસિંહ ચુડાસમાએ કરી હતી.

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને મળેલી પરામર્શ સમિતિ નંબર-૪ની બેઠકમાં એક પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં જણાવ્યું કે કોરોના કાળ દરમ્યાન બાયાસેગ મારફત ચેનલ ડી.ડી. ગિરનાર પર બાળકોને શૈક્ષણિક અભ્યાસનો મહાવરો સતત જળવાઈ રહે તેવી વ્યવસ્થા કરીને સમયનો સદઉપયોગ કર્યો છે. ધોરણ -૧ થી ૮ માટે મટીરીયલ્સ મોકલી કુટુંબની સલામતી અને માતા-પિતાની હુંફ સાથે ગમત સાથે જ્ઞાન આપવા તા. ૨૫ માર્ચથી ઓનલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું. ત્નઈઈ અને ટ્રૈં માં પ્રત્યક્ષ શિક્ષણ મેળવવા ફી ભરવી પડતી હતી. જેનું વિના મૂલ્યે માર્ગદર્શન મળ્યું છે.

આ પરામર્શ સમિતિની બેઠકમાં સાસંદ રમેશભાઈ ધડુકના ૩૩ પ્રશ્ન તથા ધારાસભ્ય સર્વે હિંમતસિંહ પટેલના ૧૫ પ્રશ્નો, જગદીશભાઈ પટેલના ૧૬ પ્રશ્નો અને સંજયભાઈ સોલંકીના ૪ પ્રશ્નો મળી કુલ ૬૮ પ્રશ્નો રજૂ થયા હતા. જૈ પૈકી બેઠકમાં ઉપસ્થિત સાંસદ હસમુખભાઈ પટેલ અને ધારાસભ્ય સર્વે જીજ્ઞેશકુમાર સેવક, કનુભાઈ દેસાઈ, સંજયભાઈ સોલંકી, બાબુભાઈ બોખરિયા, શિવાભાઈ ભૂરિયા અને બળદેવજી ઠાકોરના પ્રશ્નનો પરામર્શ કરી સંતોષકારક ઉત્તરો પાઠવ્યા હતા.

આ પરામર્શ બેઠકમાં રાજય શિક્ષણ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે, શિક્ષણ વિભાગના અગ્ર સચિવ અંજુ શર્મા, શિક્ષણ સચિવ ડૉ. વિનોદ રાવ, ગૌ સંવર્ધન સચિવ નલીન ઉપાધ્ય સહિત સંબંધિત વિભાગના સચિવો અને ખાતાના વડાઓએ ઉપસ્થિત રહીને પરામર્શ બેઠકમાં ભાગ લીધો હતો.

ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામે ઉત્તરાયણના પવિત્ર પર્વને લઈ ટીંટોડા ભજન મંડળી દ્વારા ૧૨૫ કિલો વજનના લાડુ બનાવી કુતરાઓને વિતરણ કરવામાં આવ્યા છે. આ લાડુ બનાવવામાં રસોયા તરીકે ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ ગોપાળજી ઠાકોર તથા મજૂરોએ મફત સેવા આપી હતી.

કલોલ ખાતે સ્વ સહાય જૂથોની મહિલાઓને આજીવિકા આપવા સ્ટોલનો આરંભ

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા ખાતે એન.આર.એલ.એમ યોજના અંતર્ગત કાર્યરત સ્વ સહાય જૂથોની મહિલાઓ દ્વારા ઉતરાયણ નિમિતે તાલુકા પંચાયતના પ્રાગંણમાં તા. ૧૧ થી ૧૩મી જાન્યુઆરી દરમ્યાન સ્ટોલ ખુલ્લો મુકી સ્વ સહાય જૂથની મહિલાઓને આજીવિકા આપવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો છે. સ્વ સહાય જૂથોના સ્ટોલ પરથી પતંગ, ચીકી, કચરીયું, માસ્ક તેમજ હેંડીક્રાફ્ટની ચીજવસ્તુઓ જેવી કે રૂમાલ, પર્સ, આસનિયા, અને ઈમિટેશન જવેલરી જેવી અલગ-અલગ પ્રકારની બનાવટના પ્રદર્શન કમ વેચાણ કરવામાં આવી રહ્યું છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

સફળતાના સેતુને રસ્તાનું કામ ગુજરાત સરકારે કર્યું વિકાસનું બાંધકામ

ગુજરાતમાં માર્ગ વિકાસ બન્યો, રાજ્યના સામાજિક, આર્થિક, શૈક્ષણિક વિકાસનો મજબૂત પાયો

આ રહી સમૃદ્ધિના માર્ગે દોરી જતી દિશાઓ...

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાઃ
ગામડાઓના વિકાસની આધારશીલા

- આ યોજના હેઠળ પાછલા ૫ વર્ષમાં ૫૨૯૪૧ કિ.મી. લંબાઈના ૨૦૨૬૩ કામો મંજૂર, રૂ.૧૬૭૧૩ કરોડ મંજૂર થયા
- જે પૈકી ૨૭૦૬૪ કિ.મી. લંબાઈના ૧૦૩૯૯ રસ્તાઓનું કામ પાછલા ૫ વર્ષમાં રૂ.૬૮૩૫ કરોડના ખર્ચે પૂર્ણ
- રૂ.૧,૬૭૧ કરોડના ૬૬૧૬ કિ.મી. લંબાઈના ૨૭૦૫ રસ્તાઓના કામો પ્રગતિમાં

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાઃ
ગ્રામ્ય વિસ્તાર મજબૂત, તો દેશ મજબૂત

- ગ્રામ્ય વિસ્તારના કુલ ૧૨૭૨૮ કિ.મી. લંબાઈના ૪૫૭૧ રસ્તાઓના બાંધકામ, સુધારણા, મજબૂતીકરણની કામગીરી રૂ.૩૩૭૬.૨૫ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે
- ગ્રામ્ય વિસ્તારના કુલ ૩૦૧૬ કિ.મી. લંબાઈના ૩૦૪ રસ્તાઓ પહોળા તથા મજબૂત કરવા માટેના કામો રૂ.૧૭૫૦.૬૨ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે
- ચાલુ વર્ષે રૂ.૧૭૯૦ કરોડના કામો હાથ ધરવામાં આવશે

ગુજરાતમાં રસ્તાઓ ખોલી રહ્યા છે વિકાસના રસ્તા...

રેલ્વે ઓવરબ્રિજઃ ફાટકમુક્ત ગુજરાતનો સંકલ્પ

- રૂ.૮૭૩.૦૯ કરોડના ખર્ચે ૨૯ રેલ્વે ઓવરબ્રિજનું પાછલા ૫ વર્ષમાં નિર્માણ કરાયું
- રૂ.૩૨૫૬.૮૩ કરોડના ખર્ચે ૭૫ રેલ્વે ઓવરબ્રિજનું કામ પ્રગતિમાં
- રાજ્યમાં બીજા ૬૮ રેલ્વે ઓવરબ્રિજ માટે રૂ.૩૪૦૦ કરોડ મંજૂર કર્યા

સ્ટેટ હાઈ-વેઃ સલામતી, સુરક્ષા અને ઝડપનો સમન્વય

- ૩૩૫૬ કિ.મી. લંબાઈના રાજ્ય માર્ગોને રૂ.૬૨૬૨ કરોડના ખર્ચે પાછલા ૫ વર્ષમાં ૬ માર્ગીય, ૪ માર્ગીય, ૧૦ મી., ૭ મી. પહોળા કર્યા
- ૨૬૫૬ કિ.મી. લંબાઈના રસ્તાઓને ૬ માર્ગીય, ૪ માર્ગીય, ૧૦ મી., ૭ મી. પહોળા કરવાની કામગીરી પ્રગતિમાં

નેશનલ હાઈવેઃ રાષ્ટ્રીય વિકાસના રાજમાર્ગો

- ૧૦૦૭.૨૮ કિ.મી. લાંબા નેશનલ હાઈવેનું પાછલા ૫ વર્ષમાં રૂ.૫૦૦૧.૬૬ કરોડના ખર્ચે માર્ગ અને મકાન વિભાગ દ્વારા નિર્માણ કરાયું

પુલ અને ફ્લાયઓવરઃ સર્વાંગીણ વિકાસનું અતૂટ જોડાણ

- છેલ્લા ૫ વર્ષમાં ૬૭ મોટા પુલોનું રૂ.૪૬૩ કરોડનાં ખર્ચે કરાયું નિર્માણ
- રાજ્યમાં રૂ.૧૦૪૪ કરોડના ખર્ચે ૪૪ મોટા પુલોના કામો પ્રગતિમાં
- રાજ્યના ભારે ટ્રાફિકવાળા વિવિધ ૧૨ જંકશન ઉપર રૂ.૮૦૩ કરોડના ખર્ચે ૧૨ પુલોના કામો મંજૂર-આયોજન હેઠળ

યાત્રાધામોઃ વાહન સાથે યાત્રાળુઓની પણ સલામતી

- પવિત્ર યાત્રાધામો ડાકોર, અંબાજી, પાલીતાણા અને પાવાગઢને જોડતા કુલ ૩૭૧ કિ.મી. રસ્તાઓની લંબાઈને અંદાજીત રૂ.૧૪૫૨ કરોડના ખર્ચે પદયાત્રીઓને ચાલવાની સુવિધા સહિત ચાર માર્ગીય કરવા મંજૂરી
- ૩૨૭.૪૦ કિ.મી. લંબાઈની કામગીરી પૂર્ણ, ૪૩.૬૦ કિ.મી. લંબાઈની કામગીરી પ્રગતિમાં
- અમદાવાદ - શંખેશ્વર રસ્તા પર રૂ.૧૬ કરોડના ખર્ચે પગદંડીનું નિર્માણ પ્રગતિમાં
- વધુમાં, આ રસ્તાઓ પર પદયાત્રીઓની સલામતી અને સુવિધા માટે પગદંડીનો સમાવેશ

નિર્ણાયક નેતા, મજબૂત સરકાર

ગુજરાત સરકારની આધુનિક પરિવહન વ્યવસ્થાઓના કારણે રાજ્યના સર્વાંગીણ વિકાસને વેગ મળી રહ્યો છે.

– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત